૨.                 કેસનં. ૪૬૭૨/૧૮

(૧).    આ કામના આરોપીઓ સામે  ધી જુગાર ધારા કલમ ૧૨–અ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. .આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે.  ત્યારબાદ આરોપીઓએ ગુંના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીઓની ચાર્જસીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નીવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨).      સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને તે ગરીબ માણસ છે. અને તેઓના ઉપર ઘરની જવાબદારી છે. અને હવે પછી આવો ગુંન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.એ. આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩).      આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

## ::: હુ ક મ :::

આરોપીને ધી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને (અંકે રૂપીયા  રૂા.૧૦૦ ) અંકે રુપીયા સો _પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને (૫ ) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલ નાશ કરવો/સરકાર ખાલસા કરવો/વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા. ૨૨/૭/૧૮

( એસ.એમ.સોલકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
કોડ નં.GJ00514